# સાબરકાંઠાના વડાલી રેલવે ક્રોસિંગ પાસે વાહનચાલકો પાસેથી રૂપિયા ખંખેરતો વિડિઓ વાઈરલ

મોડાસા, તા. ૧૬

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને આર.ટી.ઓ કચેરીની કામગીરી સામે અનેકવાર આંગળીઓ ઉઠી છે. હપ્તારાજમાં બેફામ મોતની મુસાફરી કરાવતા ખાનગી વાહનચાલકો અને ઓવરલોડ ગાડીઓ જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ વિસ્તારમાં પસાર થતી જોવા મળે છે. સાબરકાંઠાના વડાલી રેલવે ક્રોસિંગ નજીક બે જમાદાર અને ટી.આર.બી. જવાન ખાખી વર્દીનો રોફ જમાવી વાહન ચાલકો પાસેથી ખુલ્લેઆમ બિન્દાસ્ત રૂપિયા ખંખેરતા અરવલ્લી જીલ્લાના ઈકો ગાડીના ચાલકે જમાદારની પોલ ખોલવા વિડિઓ બનાવી વાઈરલ કરતા ભારે ચકચાર મચી હતી.



અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાનો એક પરિવાર ઈકો કાર લઈ અંબાજી જતો હતો ત્યારે વડાલી રેલવે ક્રોસિંગ નજીક બે પોલીસ જમાદાર એક ટીઆરબી જવાન સાથે મળી કેટલાક અન્ય જીલ્લાના પાસિંગ ધરાવતા વાહનચાલકોને અટકાવી કોઈ પણ પ્રકારની પહોંચ આપ્યા વગર રૂ. ૧૦૦ થી ૫૦૦ ઉઘરાવતા ઈકો ચાલક સામસામી ઉઠ્યો હતો. પોલીસ અને ટી.આર.બી. જવાનને પાઠ ભણાવવા મોબાઈલમાં રૂપિયાની લેતેદેતી કરતા જમાદારનો વિડિઓ ઉતારી વાઈરલ કરતા બંને જમાદાર અને ટીઆરબી જવાન સામે રોષ જોવા મળ્યો હતો અને હપ્તારાજ અને ગેરકાયદેસર રૂપિયાનું ઉઘરાણું કરતા પોલીસતંત્રના ફોજદાર અને ટીઆરબી જવાન સામે સાબરકાંઠા જીલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલિક શિક્ષાત્મક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધારે તેવું બંને જીલ્લાના વાહનચાલકો અને પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# લગ્નની કંકોત્રી આપવા જતા પરિવારને અકસ્માત નડ્યો : ત્રણના મોત

અરવલ્લી જીલ્લામાં જીવલેણ અકસ્માતો છાસવારે બનતા જ રહે છે. જીલ્લાના માર્ગો પરથી પસાર થતા કેટલાક વાહન ચાલકો તો ફોર્મ્યુલા-૧ની રેસમાં ભાગ લઈ રહ્યા હોય તેમ અન્ય વાહનચાલકોની વિચાર કર્યા વગર બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી નિર્દોષ વાહનચાલકો ભોગ બનતા હોય છે. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના લાલજીના પહાડીયા ગામના પટેલ પરિવાર સાથે યમરાજાએ ક્રૂર મજાક કરી હોય તેમ લગ્ન પ્રસંગની કંકોત્રી મુકવા જતા પરિવારની કાર સાથે વાવડી ગામ નજીક અન્ય એક કાર ભટકતા ગમખ્વાર અકસ્માત થતા કારમાં સવાર માતા-પુત્ર અને પિતરાઈ ભાઈનું મોત નિપજતા અને અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ખુશીનો માહોલ માતમમાં ફેરવતા ભારે ચકચાર મચી હતી. માલપુર પંથક સહીત અરવલ્લી જીલ્લામાં ભારે ગમગીની છવાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, માલપુરના લાલજીના પહાડીયા ગામે પટેલ પરિવારમાં લગ્નપ્રસંગ લેવાતા ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો ત્યારે "ના જાણે જાનકીનું થશે"ની કહેવતને યર્થાત ઠેરવતી ઘટના બનતા લગ્ન ગીતોના બદલે મરસીયા ગવાયા હતા. મંગળવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે લગ્ન પ્રસંગની કંકોત્રી આપવા કાર લઈ નીકળેલા પરિવારની કાર સાથે માલપુરના વાવડી ગામ નજીક અન્ય કારે સામેથી અથડાવતાં બંને કારના ફૂરચેફૂરચા નીકળી ગયા હતા. કારમાં સવાર પ્રેમિલાબેન પટેલ, ખીલન પટેલ (માતા-પુત્ર) અને પિતરાઈ ભાઈ વિજય પટેલનું મોત નીપજ્યું હતું અન્ય બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે પરિવારજનો પહોંચી ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણ શોકમગ્ન બન્યું હતું. અક્સમાતના અને પટેલ સમાજના અગ્રણીઓ અને આગેવાનો દોડી આવ્યા હતા. માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકોના મૃતદેહને પીએમ માટે ખસેડી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી બસ સ્ટેન્ડ નજીક મંગળવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે હાર્ડવેરની દુકાનમાં અગમ્ય કારણોસર આગ લાગતા આગના લબકારા અને ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા આજુબાજુના દુકાનદારો સહીત લોકો દોડી આવ્યા હતા. મોડાસા ફાયરબ્રિગેડની ટીમને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધરી ભારે જહેમત બાદ આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. હાર્ડવેરની દુકાનમાં રહેલો માલસામાન આગમાં બળીને સ્વાહા થઈ ગયો હતો. ફાયરબ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવતા આજુબાજુમાં આવેલી દુકાનોમાં પ્રસરતા અટકતા મોટી દુર્ઘટના ટળી હતી.

# ગાંધીનગરના ભાટ ગામના બુટલેગરે મંગાવેલો ૧૩.૫૧ લાખનો વિદેશી દારૂ શામળાજી પોલીસે ટ્રકમાંથી ઝડપ્યો

શામળાજી, તા. ૧૬

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પગલે બુટલેગરો દારૂબંધીના લીરેલીરા ઉડાડી વિદેશી દારૂના શોખીનોને દારૂ પૂરો પાડી કરોડો રૂપિયા ઉલેચી રહ્યા છે. શામળાજી પોલીસે ગાંધીનગરના ભાટ ગામના ધર્મેન્દ્ર શિવનારાયણ ગુપ્તા નામના બુટલેગરે ટ્રકમાં મંગાવેલ રૂ.૧૩૫૧૨૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રક ચાલક અને ક્લિનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



શામળાજી પીએસઆઈ એમ.પી. ચૌહાણ અને તેમની ટીમે વેણપુર ગામની સીમમાં રતનપુર આરટીઓ ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન તરફથી આવતા ટ્રકની ઝડપ શંકાસ્પદ જણાતા ટ્રક (ગાડી.નં-જીજે.૦૮. ડબલ્યુ. ૦૪૩૯)ને અટકાવી તલાશી લેતા ટ્રકમાંથી મહારાષ્ટ્ર એચ.એસ.સી. બોર્ડની સપ્લીમેન્ટરી ભરેલ કાર્ટૂન નંગ-૮૫૦ની આડમાં સંતાડીને ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની બોટલ નંગ-૫૯૭૬ કિં. રૂ. ૧૩૫૧૨૦૦નો જથ્થો જપ્ત કરી માતાદીન ખુબચંદ શ્રીબાસ અને ચેનું ખુબચંદ શ્રીબાસ (બંને રહે, પઠાનપુરા, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી, આરોપીઓ પાસેથી મળી આવેલ મોબાઈલ નંગ-૩ કિં. રૂ.૩૦૦૦ તથા તાડપાત્રી કિં. રૂ.૧૦૦૦ અને ટ્રકની કિં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૨૩૫૫૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી વિદેશી દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સ અને વિદેશી દારૂ મંગાવનાર ધર્મેન્દ્ર શિવનારાયણ ગુપ્તા (રહે, મુખ્યબજાર, ભાટ-ગાંધીનગર) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પાલનપુરની ભાગ્યોદય સોસાયટીના રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટક્યા

## સોના- ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત ૩ લાખના મુદ્દામાલની ચોરી

પાલનપુરમાં ઠંડીના ચમકારા વચ્ચે તસ્કરો પોતાનો કસબ અજમાવી એક પછી એક ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. ભાગ્યોદય સોસાયટીમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ત્રાટક્યા હતા. જેઓ સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ મળી કુલ રૂપિયા ત્રણ લાખ ઉપરના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ઠંડીના પ્રભાવ વચ્ચે તસ્કરો તરખાટ મચાવી પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. ચાર દિવસ અગાઉ રેલવે સ્ટેશન વિસ્તારમાં એક સાથે નવ દુકાનોના તાળા તુટ્યા હતા. સોમવારે રાત્રે શહેરની ભાગ્યોદય સોસાયટીમાં રહેણાંક મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતુ. ભાગ્યોદય સોસાયટીમાં રહેતા નયનાબેન હેમંતકુમાર ભટ્ટ પરિવારજનો સાથે બહારગામ ગયા હતા. રાત્રિના સમયે તસ્કરોએ તેમના બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને તિજોરી તેમજ કબાટ ખોલી અંદર પડેલા સોના- ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ ૩ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.



# પાલનપુરમાં પોલીસકર્મીઓને પ્રાથમિક સુવિધા ન મળતા પરેશાન

પાલનપુરમાં રાજ્યકક્ષાના ધ્વજ વંદન સમારોહને પગલે ૭૦૦ ઉપરાંતના પોલીસકર્મીઓ આવ્યા છે. જેઓ લાઈટ અને પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ માટે વલખા મારતાં જોવા મળ્યા હતા. ૨૬મી જાન્યુઆરીએ રાજ્યકક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ પાલનપુર ખાતે યોજાનાર છે. રાજ્યના મુખ્યમંત્રી સહિતના વીવીઆઈપી ઓ હાજર રહેવાના છે. રાજ્યનો પોલીસ કાફલો પાલનપુરમાં તૈનાત કરાયો છે. ૭૦૦ ઉપરાંતના પોલીસ કર્મીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં રખાયા છે. જ્યાં પાણી સહિતની સુવિધાઓ માટે હેરાનગતિ ભોગવી રહ્યા હોવાની રાવ ઉઠી છે. પરેડની તૈયારીમાં રોકાયેલા પોલીસ કર્મીઓને ત્રણ માળ સુધી પાણી ઉપાડવુ પડી રહ્યુ છે.

# પાલનપુરમાં આખલાને બચાવવા જતાં બાઈક સ્લિપ થતા યુવકનું મોત

## બે યુવકોને ઇજા થતાં સારવાર અર્થે ખસેડાયા

પાલનપુર- આબુ હાઈવે ઉપર સુરમંદિર થિયેટર નજીક હાઈવે ઉપર આવેલા આખલાને બચાવવા જતાં બાઈક સ્લિપ થઈ ગયું હતુ. આ અકસ્માતમાં એક યુવકનું મોત નિપજ્યું હતુ. જ્યારે બે જણાને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

મુળ રાજસ્થાનના મહુડી ગામે રહેતા અને હાલ ડીસા ખાતે કડીયાકામ કરતાં હરેશભાઈ કલ્યાણજી મીણા, દેવારામ હાજાભાઈ મીણા અને અન્ય યુવક બાઈક ઉપર પાલનપુર સુરમંદિર થિયેટર નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન હાઈવે ઉપર અચાનક આવેલા આખલાને બચાવવા જતાં બાઈક સ્લિપ થઈ ગયું હતુ. આ અકસ્માતમાં દેવારામ મીણાનું મોત નિપજ્યું હતુ. જ્યારે બે જણાને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાયા હતા.

SCIENCE CITY AHMEDABAD

Investing in Science : Investing in the Future !

Dst Department of Science & Technology Government of Gujarat

Vibrant GUJARAT 2019 18-20 Jan Shaping a New India | 9th Global Summit





FUTURISTIC TECHNOLOGY EXHIBITION

Date
17th-20th January, 2019

Venue
Science City, Ahmedabad, Gujarat

Time
10:00 AM to 06:00PM





"An exhibition to see what today has to offer for tomorrow!!!"
- Shri Nitin Patel
Dy.CM, Gujarat

Technologies presentation schedule for the Futuristic Technology Exhibition

17th January, 2019

| Time Slots | Company Name | Technology |
|---|---|---|
| 16:30 - 16:45 | Vartonics | Extended reality for the Masses |
| 16:45 - 17:00 | Teksun | Smart Indoor Tracking |
| 17:00 - 17:15 | Intellicar | Smart Car |
| 17:15 - 17:30 | Intel | Autonomous Driving |
| 17:30 - 17:45 | PTC | Smart Camera |
| 17:45 - 18:00 | Space Suit | Indian Space Suit |

18th January, 2019

| Time Slots | Company Name | Technology |
|---|---|---|
| 15:00 - 15:15 | Phillips | Li-FI |
| 15:15 - 15:30 | Corning | Life in Glass Age |
| 15:30 - 15:45 | Amazon | Innovation in Cloud |
| 15:45 - 16:00 | Rivox | Holographic Branding |
| 16:00 - 16:15 | Control Any | Smart Switches |
| 16:15 - 16:30 | Skyrim innovation | 3D technology |
| 16:30 - 16:45 | Light Speed | Electrical Bicycle |
| 16:45 - 17:00 | Radwin | Wireless broadband Connectivity in Rural areas |
| 17:00 - 17:15 | Roboseum (ESI) | Upcoming Robots in Roboseum |
| 17:15 - 17:30 | SAS Institute (India) Pvt. Ltd. | Artificial Intelligence disruption in IoT Era |
| 17:30 - 17:45 | Asteria | Drone on Survellence and Security |
| 17:45 - 18:00 | Aarav | Drone on Presicision Agriculture |

19th January, 2019

| Time Slots | Company Name | Technology |
|---|---|---|
| 10:30 - 10:45 | Festo | Bionics4Education |
| 10:45 - 11:00 | Amazon | Skill building through cloud |
| 11:00 - 11:15 | Miko | Companion Robot |
| 11:15 - 11:30 | Lookman Electroplast | Use of AI in Smart Surveillance and Security in cities |
| 11:30 - 11:45 | Zeleros | Hyperloop |
| 11:45 - 12:00 | Allied Digital | Agri Io T- Smart Agriculture |
| 12:00 - 12:15 | RADA robot | Service Robot |
| 12:15 - 12:30 | Envigreen | India's 1st 100%plastic free substitute to plastic packaging products |
| 12:30 - 12:45 | Zemote | IoT and Home Automation |
| 12:45 - 13:00 | Mitra | Humanoid Robot |
| 15:00 - 15:15 | IBM | Artificial Intelligence in Agriculture and Healthcare |
| 15:15 - 15:30 | Dev ITPL (Microsoft) | Halolens |
| 15:30 - 15:45 | Oizom | Environmental Monitoring Solution for Smart City |
| 15:45 - 16:00 | Dronamaps | 3D mapping with Drones |
| 16:00 - 16:15 | Amnex | Smart Agriculture |
| 16:15 - 16:30 | Mitra | Human Robotics |
| 16:30 - 16:45 | Uber Diagnostic | Automated Health checkup |
| 16:45 - 17:00 | Aeris | Automated Arial Solutions for Agriculture |
| 17:00 - 17:15 | Airpix | Drone on Volumetric Analytics for mining Industries |
| 17:15 - 17:30 | C-DAC | Super Computer |
| 17:30 - 17:45 | Z-Axis | Life Saving Equipment in water |

20th January, 2019

| Time Slots | Company Name | Technology |
|---|---|---|
| 10:30 - 10:45 | Nanopore | Direct RNA Sequencing |
| 10:45 - 11:00 | Total Potential Cells | Cell that can heal |
| 11:00 - 11:15 | Imperial life science | Decoding the thread of life |
| 11:15 - 11:30 | Alti Farm | Modular home farm |
| 11:30 - 11:45 | ChironX | predict the risk of systemic diseases |
| 11:45 - 12:00 | Flexi OH | Breathable plaster |
| 12:00 - 12:15 | TerraBlue XT | Smart Glove |
| 12:15 - 12:30 | Senso Vision | AI, Machine Vision, Industry 4.0 |
| 12:30 - 12:45 | Cyclops Medtech | Wearable Technology for Healthcare and Vertigo Treatment |
| 15:00 - 15:15 | BioGreen | Degradable Plastic |
| 15:15 - 15:30 | Fractal | AI in Healthcare System |
| 15:30 - 15:45 | Radongrow | Hydroponics |
| 15:45 - 16:00 | Niramai | Radiation free early stage breast cancer screening |
| 16:00 - 16:15 | Fluxgen | Water Waste Management IoT |
| 16:15 - 16:30 | Hacklab | Real - Time Location Tracking System (LTS), Industry 4.0 |
| 16:30 - 16:45 | TorchIt | Computer Vision Smart cane |
| 16:45 - 17:00 | Silent Infotech | Blockchain Technology to Protect Business and Data Integrity |

Demonstration of drone based application in various fields from 10 AM to 1 PM on 20th January.

Phone : 079 2970 3122 | Website : www.scity.gujarat.gov.in